પૂર્વછાયો- ભાખું ભક્ત હવે ભાલના, જેનાં અતિ નિરમળ અંગ ।
સત્ય અસત્ય ને ઓળખી, વળી કર્યો જેણે સતસંગ ॥૧॥
અંતર ત્યાગી અતિઘણાં, જેણે સહેજે તજ્યો સ્વાદ ।
પ્રીત કરી પરબ્રહ્મશું, તજી જગતનો વિષવાદ ॥૨॥
લેતાં નામ એ જનનાં, મારે હૈયે હરખ ન માય ।
કહું સંક્ષેપે સાંભળો, સુણિ પાપ પ્રલય થાય ॥૩॥

ચોપાઇ- ક્ષત્રિ પુંજોજી બાપુજી વર્શોભાઇ, કાયોજી અજુબા ફુલિબાઇ ।
શા ત્રિકમ ડોસો રતનજી, કાનજી કલ્યાણજી ગગજી ॥૪॥
ભક્ત કણબી ખીમો રતનો, ઘાંચો વનમાળી ભક્ત પ્રભુનો ।
મોનો ને વળી દામો લુહાણો, એહ આદિ તે ધોલેરે જાણો ॥૫॥
દાદોચારણ શેઠ ઠાકરશી, ભજ્યો હરિ ગોરાસામાં વસી ।
દ્વિજ રૂગનાથ ને ત્રિકમ, જગજીવન પુરૂષોત્તમ ॥૬॥
દ્વિજભક્ત કહીએ મયારામ, એહ આદિ ભડિયાદ ગામ ।
ક્ષત્રિભક્ત એક રૂપોભાઇ, કાજુ જન કાદિપુરમાંઇ ॥૭॥
વિપ્ર વસતો જગો ઓધવજી, હિરજી પુંજો શામો ને નાથજી ।
દ્વિજ રળીયાત ગલાલબાઇ, ક્ષત્રિ હઠી હરિ અજુભાઇ ॥૮॥

કણબી ભક્ત હરજી લવજી, રણછોડ ને સોની હેમજી ।
ભક્ત માવ છે એક બારોટ, પ્રેમીભક્ત માવો પરિયટ ॥૯॥
એહઆદિ ભક્ત બાઈ ભાઈ, સારા સતસંગી ગાંફમાંઈ ।
ક્ષત્રિ ભક્ત દાદો દેશળજી, દેવબાયે લીધા હરિ ભજી ॥૧૦॥
દેવજાતિ ભક્ત દાદોભાઈ, એહ આદિ તે પિપળીમાંઈ ।
દેવજાતિ ભક્ત ખીમરાજ, આવરદાસે કર્યું નિજકાજ ॥૧૧॥
ભક્ત સેસો વણાર ને પ્રાગ, હઠી ડોસે કર્યો કુસંગ ત્યાગ ।
કોળી ભક્ત વાંસો અજોભાઈ, વાઘા વસતાદિ ભક્ત કેવાઈ ॥૧૨॥
દેવજાતિ એક જીજીબાઈ, કહીએ ભક્ત કમિયાળા માંઈ ।
દ્વિજ ભક્ત ઓધ્ધવજી કહીએ, હરિભાઈ પીતાંબર લહીએ ॥૧૩॥
પુરૂષોત્તમ નાનજી નામ, જેઠો જાદવજી પ્રભુરામ ।
મેઘજી આદિ ભક્ત છે ભાઈ, દ્વિજભક્ત એક ભાણીબાઈ ॥૧૪॥
કણબી ભક્ત જેરાજ દેવજી, પછમમાં લુવાર ભાઈજી ।
ક્ષત્રિ રૂગનાથજી હરિજન, કરે ફેદરે હરિભજન ॥૧૫॥
દ્વિજ નારાયણજી જેઠો જન, ક્ષત્રિ ગજોજી એ છે પાવન ।
એહ આદિક ભક્ત ભણિયે, ખરા જન ખસતે ગણિયે ॥૧૬॥
ગજો વિસો રવો છે ગઢવી, દેવુબાઈને ભગતિ ભાવી ।
ક્ષત્રિભક્ત કાકોભાઈ કહીએ, માનોભાઈ હઠિભાઈ લહીએ ॥૧૭॥
જાઈભાઈ દુદોભાઈ જન, ભક્ત મશરુ આદિ પાવન ।
દ્વિજભક્ત જગો શિવરામ, કણબી રગનાથ રોજકે ગામ ॥૧૮॥
ક્ષત્રિ સુજોજી નાથોજી નામ, ચારણ જેઠો બનુબા અકામ ।
ભક્ત ભીમ ને આશો સુતાર, ખરા ભક્ત ખરડ્ય મોઝાર ॥૧૯॥
ચોકડિયે હરખો હરિજન, કોળી કુળે સહિત પાવન ।
ક્ષત્રિભક્ત ખેતોજી જામોજી, રૂડા રાજોભાઈને ખોડોજી ॥૨૦॥
હોથીભાઈ નાનજીભાઈ જાણો, શેઠ જેઠો ગગો પરમાણો ।
દ્વિજ હરિશંકર અંબારામ, એહાદિ જન ઝિંઝર ગામ ॥૨૧॥
શેઠ વજો ને નરસૈદાસ, ધનો સુતાર ધંધુકે વાસ ।

ક્ષત્રિભક્ત મુળુ ભીમ જાણ, કણબી જેઠો સુતાર પંચાણ ॥૨૨॥
દ્વિજ વીરો દલો દાજી કહીએ, આણંદાદિ ભક્ત દ્વિજ લહીએ ।
ભક્ત કુબેર બેચર સોની, ખડોલમાં રેણાક એહુની ॥૨૩॥
ભક્ત ભાટ છે વખતો નામ, રૂડો ભક્ત છે રાયકે ગામ ।
દ્વિજ ભક્ત છે તુલજારામ, બાઈ ગલાલ અડવાલ્ય ગામ ॥૨૪॥
હરિભક્ત છે દ્વિજ બેચર, ભજે પ્રભુ રહે રંગપર ।
ક્ષત્રિ હલુભાઈ હરિજન, ભક્ત જમાલપર પાવન ॥૨૫॥
ક્ષત્રિ રયો મેઘો અરજણ, વાઘો જેસંગ ભીમ સુજાણ ।
કમો હરખો ને વશરામ, દ્વિજ કુબેર ગાંગજી નામ ॥૨૬॥
ચારણ ભક્ત ભાવી ભગવાન, જન રતનજી ને આયદાન ।
સોની કૃષ્ણાદિ ભક્ત કહેવાય, વસે ગામ તે બળોલ્યમાંય ॥૨૭॥
સોની ભક્ત ગોકુળ હડાળે, દ્વિજ કેશવજી વ્રત પાળે ।
દ્વિજભક્ત છે હરજીવન, કોળી નાનજી ભક્ત પાવન ॥૨૮॥
ચારણ અજો રહે બગોદરે, ભલી ભક્તિ પ્રભુજીની કરે ।
ભક્ત ભાટ આધાર છે રૂડો, ગજો ગોરો ખરો જન ખોડો ॥૨૯॥
ખત્રિ ભક્ત ચેલો નથુભાઈ, કૃષ્ણ સઈ જવારદ માંઈ ।
દેવજાતિ ભક્ત મધુબાઈ, દ્વિજ મેઘજી સરગવાળા માંઈ ॥૩૦॥
ભક્ત ભરવાડ સગરામ, સારો ભક્ત એ સમાણિ ગામ ।
હરિભક્ત સોની હિરો એક, નથુ દેવચંદ દો વણિક ॥૩૧॥
દ્વિજ માદેવ દયાળ કાનો, નથુ ખત્રિ બોરૂમાંહિ માનો ।
રાઘવજી પીતાંબર ભાઈ, શા મોરાર મોટી બોરૂમાંહિ ॥૩૨॥
કાશીદાસ ને કૃષ્ણ વણિક, ક્ષત્રિભક્ત ભાઈજી છે એક ।
કહીએ ભક્ત તે કૃષ્ણ સુતાર, વસે જન જાખડા મોઝાર ॥૩૩॥
હરિભક્ત ભલુજી ચારણ, ક્ષત્રિ તેજો પથો વટાંમણ ।
ક્ષત્રિભક્ત સુજોજી બાદર, ખોડો જેઠી અલુ ઉજાગર ॥૩૪॥
દ્વિજ ભગવાન વલ્લભ નામ, જગજીવન ને રાજારામ ।
સોની ભક્ત છે ભૂખણભાઈ, હરિજન એક જીવીબાઈ ॥૩૫॥

ભકત વોરો અશમાલ એક, વસે કઉંકે ન મુકે ટેક ।
ભકત ભાટ છે રાઈજી નામ, વસે દાસ પિસાવાડે ગામ ॥૩૬॥
ક્ષત્રિભકત નાથો ને સજાણ, ભનો રાજો વેજલકે જાણ ।
ક્ષત્રિભકત ગોપાળજી કહીએ, ભીમજી ને પથોભાઈ લહીએ ॥૩૭॥
હિરો હરભમ ભગવાન, વસોં બાદર રૂપો નિદાન ।
એહ આદિ ક્ષત્રિ બહુ ભાઈ, હર્જીબા અજુબા અંબાબાઈ ॥૩૮॥
દ્વિજ પુરુષોત્તમ વજેરામ, ભકત ચારણ બાપુજી નામ ।
ઠાર બેચર ગણેશ લુવાર, એહ આદિ તે કોઠચ મોઝાર ॥૩૯॥
કણબી ભકત હરજી કહેવાય, ભજે હરિ વાલથેરામાંય ।
દ્વિજભકત નારાયણજી નામ, રેવાશંકર સેવકરામ ॥૪૦॥
મહાશંકર ભકત ભાણજી, શિવબાયે લીધા હરિ ભજી ।
અવલ પુતળીબાઈ વણિક, ભજયા હરિ વજે ગ્રહિ ટેક ॥૪૧॥
એહ આદિ બાઈ ભાઈ કંઈ, ભજે પ્રભુ ધોળકામાં રઈ ।
દેવજાતિ કહીએ ડોસોભાઈ, વસે ભકત તે વાસણામાંઈ ॥૪૨॥
કણબી જીતબાઈ હરિજન, ગામ ચરોડે ભકત પાવન ।
કણબી ભકત કાશીદાસ નામ, વસે દાસ કાશીદરે ગામ ॥૪૩॥
ક્ષત્રિભકત મોટા મોડભાઈ, વસે ગામ મોડાસરમાંઈ ।
શેઠ કલ્યાણ ખોડો ભગત, અવલ વિછિયાવ્યે મુગત ॥૪૪॥
ક્ષત્રિ નથુ નારાયણ જીજી, ગામ સાણંદમાં ભકત મુળજી ।
ક્ષત્રિબાપુ તેજો જેઠિભાઈ, મોટાં ભકત ફઈબા ને બાઈ ॥૪૫॥
ફુલીબા ફુલજીબા ને ગલી, દ્વિજ રાઈ નાથી ને અવલી ।
રાજબાઈ દ્વિજ જીવરામ, ચારણ ભકત હરિબાઈ નામ ॥૪૬॥
ભરવાડ ભકત એક લાલો, જેને લાગ્યો સતસંગ વહાલો ।
રંગા મૈયારી જવન સલામ, એહાદિ જન મછિયાવ્ય ગામ ॥૪૭॥
ક્ષત્રિભકત જીવોજી અલુજી, ઘોડજી કાંધોજી ને દલુજી ।
દાસ કલ્યાણ ને હીરબાઈ, બેચર લુવાર દદુકામાંઈ ॥૪૮॥
ભકત સુતાર કલો અમલ, કોળી ગણેશ ભકત રહે થલ ।

વનો દાસ દયાળ સોનાર, કોળી કલુ ધોલેરા મોઝાર ॥૪૯॥
ભક્ત લુવાણો રણછોડ નામે, ક્ષત્રિ વરસોજી ડુભાલી ગામે ।
એક પુંજો સોની હરિજન, ભજે ઝાંપ્ય ગામે ભગવન ॥૫૦॥
ભક્ત વણિક હરજીવન, કરે મોરાર હરિભજન ।
હરિભક્ત કોળી રામબાઈ, એહ આદિ બલદાણામાંઈ ॥૫૧॥
ભક્ત એક દ્વિજ નંદરામ, ભજે હરિ રહે મિટાલ્ય ગામ ।
ક્ષત્રિભક્ત કસિયોજી કહીએ, વેજો સાદુલ ગોકળી લહીએ ॥૫૨॥
શેઠ નાથાદિ જન સુંદર, કાજુ ભક્ત રહે કાણોતર ।
સારા ભક્ત છે શિયાળમાંઈ, શેઠ માધો લાધો ઘેલોભાઈ ॥૫૩॥
જેઠા આદિ વણિક ઉદાર, જેણે રાજી કીધા છે મોરાર ।
ક્ષત્રિ રતનજી જેસો વળી, રૂપો વરજાંગ છે ગોકળી ॥૫૪॥
એહાદિ ભક્ત બીજા છે બહુ, વસે ગામ શિયાળ્યમાં સહુ ।
ઘણા દેશ ઘણાં ગામ નામ, ભજી હરિ પામ્યા પરમધામ ॥૫૫॥
હરિજનનાં નામ અપાર, એક જીભે ન હોય ઉચ્ચાર ।
કહિ કહિ કિયાં લગી કહીએ, અપારનો પાર કેમ લહીએ ॥૫૬॥

પૂર્વછાયો- અપાર જીવ ઓધરે, જીયાં પ્રકટ પુરુષોત્તમ ।
કવિ કેમ કથી શકે, જેને નેતિ કહે નિગમ ॥૫૭॥
હરિ હરિજન ગાતાં, પતિત પાવન થાય ।
સુણતાં જશ શ્રવણે, વળી કોટી કર્મ કપાય ॥૫૮॥
કાન પવિત્ર જે કથા સુણતાં, જીભા પવિત્ર ગાતાં જે જશ ।
એવો કોણ અભાગિયો, કહેતાં સુણતાં કરે આળસ ॥૫૯॥
માટે વિચારી મનમાં, કર્યો આદર નામ ઉચ્ચાર ।
સદમતિ સહુ સાંભળો, કહું નામ કાંઈક નિરધાર ॥૬૦॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે ભાલદેશના
હરિજનનાં નામ કહ્યાં એ નામે એકસો ને અઢારમું પ્રકરણમ્ ॥૧૧૮॥